# કર્મચારીઓનું સ્થગિત કરેલ મોંઘવારી ભથ્થું સુધારેલા દર સાથે મંજૂર કરો

## ગુજરાત સચિવાલય ફેડરેશને પત્ર લખી સરકારમાં રજુઆત કરી

ગાંધીનગર, તા. ૨૨

ધી ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા કર્મચારીઓના સ્થગિત કરેલા મોંઘવારી ભથ્થાની ચુકવણી સુધારેલા દરથી મંજૂર કરવા માટે રાજ્ય સરકારને રજુઆત કરી છે.

ફેડરેશનના પ્રમુખ જયેશ રાવલ અને મહામંત્રી મહેશસિંઘ વાઘેલાએ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને પત્ર લખી આ રજુઆત કરી છે.

આ આગેવાનોએ તેમના પત્રમાં જણાવ્યુ છે કે ભારત સરકાર દ્વારા સંદર્ભિત હુકમથી કેન્દ્રના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું જાહેર કરેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા જાન્યુઆરી-૨૦૨૦, જુલાઈ-૨૦૨૦, જાન્યુઆરી-૨૦૨૧ના ત્રણ મોંઘવારી હપ્તાઓ તા. ૧-૭-૨૦૨૧ની અસરથી આપવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી દ્વારા કેન્દ્રના ધોરણે દર ૭ માસે મોંઘવારી ભાવાંકના આધારે મોંઘવારી ભથ્થું ચુકવવામાં આવે છે. જે જાન્યુઆરી-૨૦૨૦ થી આજદિન સુધી સ્થગિત કરવામાં આવેલ હતુ. હાલમાં કોવિડ-૧૯ની મહામારી દરમિયાન આવશ્યક ચીજવસ્તુમાં અસહ્ય ભાવ વધારો થવા પામેલ છે, ખાદ્યતેલ, અનાજ, કઠોળ, શાકભાજી અને વિશેષમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં અસહ્ય ભાવ વધારો જોવા મળેલ છે.

વધુમાં જુલાઈ-૧૯થી ચુકવવાનો થતો મોંઘવારી ભથ્થાના તફાવતનો એક હપ્તો રાજ્ય સરકારના કર્મચારીઓને ચૂકવવામાં આવેલ છે. પરંતુ બાકી રહેલ બીજો ૫૦ ટકાનો હપ્તો આજદિન સુધી રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવેલ નથી.

આથી ધી ગુજરાત સચિવાલય ફેડરેશનની માંગણી છે કે, કેન્દ્ર સરકારના ધોરણે મોંઘવારી ભથ્થું જાહેર કરવામાં આવે અને બાકી રહેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો ૫૦ ટકાના બીજા હપ્તાની રકમ સત્વરે મંજુર કરવામાં આવે.



રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે દ્વારકાધીશના દર્શન કર્યા હતા. દ્વારકાધીશની ધજાનું મુખ્યમંત્રી રૂપાણી આજે પુજન કર્યુ છે અને શીખર પર મુખ્યમંત્રી રૂપાણીએ ધજા ચડાવી છે. મળતી માહિતી પ્રમાણે વિજય રુપાણી તથા તેમના પરીવાર દ્વારા ભગવાન દ્વારકાધીશની ધ્વજાજીનુ પુજન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક વિધી મુજબ કરવામા આવ્યું છે. થોડા દિવસ પહેલા દ્વારકાધીશ મંદિર ઉપર વીજળી પડી હતી અને ધ્વજા ડેમેજ થઈ હતી. રૂપાણીએ જણાવ્યું હતું કે, મારા મનમાં હતું કે ધજા ચડાવી છે.

## રાજ્યમાં આગામી ૨૫ મીએ વેપારીઓ-સેવાકિય સંસ્થાઓના કર્મચારીઓ માટે ખાસ વેકિસનેશન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે કોરોના સામેની લડાઈમાં રક્ષિત થવા માટે વેકિસન જ અમોધ શસ્ત્ર પુરવાર થઈ રહ્યુ છે, ત્યારે રાજ્ય સરકાર દ્વારા વેકસિનેશનને ખાસ પ્રાધાન્ય આપીને સમયબધ્ધ આયોજન કર્યુ છે જેના પરિણામે રાજ્યભરમાં અત્યાર સુધીમા ૩.૧ કરોડથી વધુ નાગરિકોને કોરોનાની રસી આપીને સુરક્ષિત કરી દેવાયા છે અને દરરોજ ત્રણ લાખથી વધુ નાગરિકોને રસી આપવામા આવે છે.

આગામી તા.૨૬ જુલાઈ, ૨૦૨૧ ને રવિવારના રોજ રાજ્યભરમાં વેપારીઓ-સેવાકિય સંસ્થાઓના કર્મચારીઓ માટે ખાસ વેકિસનેશન કેમ્પનુ આયોજન કરાયુ છે તો સૌ વેપારીઓ-કર્મચારીઓને મહત્તમ લાભ લેવા અપીલ છે. નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે રાજ્ય સરકારની અસરકારક કામગીરીને પરિણામે કોરોનાનુ સંક્રમણ ઘટ્યુ છે અને ઉત્તરોત્તર કેસોની સંખ્યામા પણ ઘટાડો થઈ રહ્યો છે હવે છેલ્લા બે-ત્રણ દિવસથી ૨૫ થી નીચે કેસો નોધાય છે. રાજ્યમાં નાગરિકોના સહયોગથી સંક્રમણને રોકવામા સફળતા મળી છે ત્યારે આગામી સમયમા પણ નાગરિકો આવોને આવો સહયોગ આપીને સંયમ રાખે અને કોરોનાના યોગ્ય પ્રોટોકોલ સોશ્યલ ડીસ્ટન્સીગ અને માસ્ક અવશ્ય પહેરશુ તો ચોકકસ આપણે ગુજરાતને કોરોના મુકત બનાવી શકીશુ.

તેમણે ઉમેર્યુ કે રાજ્યમા સંક્રમણનું પ્રમાણ ઘટી રહ્યુ છે ત્યારથી જ ધંધા રોજગાર પૂર્વવત થાય અને નાના લોકોને રોજગારી મળી રહે અ આશયથી રાજ્ય સરકારે કોરોનાના પ્રોટોકોલના ચુસ્ત અમલ સાથે અનેક છૂટછાટો આપી છે એવા સંજોગોમા વેપારીઓનો પણ સારો સહયોગ સાપડ્યો છે ત્યારે નાના વેપારીઓ પણ આ રસીકરણ કેમ્પનો મહત્તમ લાભ લઈ પોતે અને ગ્રાહકોને પણ સુરક્ષિત રાખે એ જરૂરી છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે રાજ્યમાં હાલ તા.૨૨-૭-૨૦૨૧ ના રોજ ૧૫ લાખ ૧૮ હજાર ૨૫૦ વેકસીનના ડોઝ ઉપલબ્ધ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨ કરોડ ૩૧ લાખ ૫૨ હજાર વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૭૦ લાખ ૨૨ હજાર ૫૭૧ વ્યક્તિઓને બીજો ડોઝ આમ બંને મળી કુલ ૩ કરોડ ૧ લાખ ૭૪ હજાર ૭૮૯ને વેકસીનના ડોઝ આપી દેવાયા છે. ૧૮ થી ૪૫ વર્ષની વયના ૩ કરોડ ૯ લાખ ૬૩ હજાર ૫૮૯ નાગરિકોને ભારત સરકારના સહયોગથી વિનામૂલ્યે વેક્સીન આપવાની થાય છે. તે પૈકી ૯૮ લાખ ૫૯ હજાર ૪૩૨ વ્યકિતઓને વેક્સીન અપાઇ ચુકી છે.

તેમણે ઉમેર્યુ કે વેપારી-હોટલ-સેવાકિય ક્ષેત્રના કર્મચારીઓને ગૃહ વિભાગના જાહેરનામા અનુસાર તા. ૩૧-૭-૨૦૨૧ સુધીમાં વેક્સીન લેવાની જરૂરીયાતને ધ્યાને લઈને વેપારી વર્ગ અને સેવાકિય વર્ગના કર્મચારીઓને તા.૩૧-૭-૨૦૨૧ સુધીમાં રસીકરણ થઈ જાય તે માટે તા.૨૫-૭-૨૦૨૧, રવિવારના રોજ સ્પેશ્યલ વેકસીનેશન કેમ્પનું ૧૮૦૦ સેન્ટરો ઉપર આયોજન કરાયું છે. જેનો વેપારીઓ-કર્મચારીઓને લાભ લેવા અપીલ છે.

# પેટ્રોલ-ડિઝલ પર હાલ વેટ નહીં ઘટાડાય : નીતિન પટેલ

ગાંધીનગર, તા.૨૨

પેટ્રોલ-ડીઝલના ભાવ ગુજરાતમાં પણ સેન્ચ્યુરી મારવાની તૈયારીમાં છે. જોકે, સરકારનું વેટના દરમાં ઘટાડો કરી પ્રજાને રાહત આપવાનું હાલ કોઈ આયોજન નથી. ડે. સીએમ નીતિન પટેલે આ મામલે આજે જણાવ્યું હતું કે હાલ સરકારની આવી કોઈ વિચારણા નથી. પરંતુ જો અન્ય રાજ્યો આ દિશામાં પહેલ કરશે તો રાજ્ય સરકાર વિચાર કરશે. નીતિન પટેલે એવો દાવો પણ કર્યો હતો કે હાલ દેશના મોટા રાજ્યોમાં ગુજરાત પેટ્રોલ અને ડીઝલ પર સૌથી ઓછો વેટ લે છે. જેના કારણે અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલની કિંમત પ્રમાણમાં ઓછી છે.

અમદાવાદમાં પેટ્રોલનો આજનો ભાવ ૯૮.૫૯ રુપિયા પ્રતિ લિટર ચાલી રહ્યો છે. જોકે, બ્રાન્ડેડ પેટ્રોલ તો રાજ્યના તમામ શહેરોમાં ક્યારનુંય ૧૦૦ રુપિયાની સપાટી વટાવી ચૂક્યું છે. જ્યારે ડીઝલનો ભાવ ૯૬.૭૬ રુપિયા પ્રતિ લિટર છે. જે રીતે પેટ્રોલ અને ડીઝલની કિંમતો વધી રહી છે, તેને જોતા ગણતરીના દિવસોમાં જ પેટ્રોલ સેન્ચ્યુરી મારશે તેવી લોકમુખે ચર્ચા ચાલી રહી છે. પેટ્રોલના ભાવોમાં થયેલા ભડકાને કારણે મધ્યમ વર્ગના બજેટ ખોરવાયા છે, અને તેના કારણે મોંઘવારીએ પણ માઝા મૂકી છે.

રાજ્યમાં છેલ્લે જૂન ૨૦૨૦માં પેટ્રોલ અને ડીઝલ પર લાગતા વેટમાં વધારો કરવામાં આવ્યો હતો. હાલ રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલ પર ૧૭ ટકા વેટ તેમજ ચાર ટકાના દરે સેસ વસૂલવામાં આવે છે. વેટની રકમ પેટ્રોલ-ડીઝલની મૂળ કિંમતના આધારે નક્કી થતી હોય છે. દા.ત. જો એક લિટર પેટ્રોલની મૂળ કિંમત ૪૦ રુપિયા હોય તો તેના પર ૧૭ ટકા વત્તા ૪ ટકાના દરે વેટ અને સેસ વસૂલાય છે. જેમ-જેમ મૂળ કિંમત વધે તેમ-તેમ આ રકમ પણ વધતી રહે છે, અને તેના કારણે વેટનો દર વધાર્યા વિના જ સરકારની આવક પણ વધતી રહે છે. સરકારના આવકના સ્રોતની વાત કરવામાં આવે તો પેટ્રોલ-ડીઝલ પર લાગતા વેટ અને સેસથી ગુજરાત સરકારને સૌથી વધારે આવક થાય છે.

### પ્રોપર્ટી કાર્ડ અપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે દરેક ગામમાં સર્વે કરવામાં આવશે. આ પછી ગ્રામસભા યોજવામાં આવશે. મિલ્કતો અને માર્ગોનું માર્કિંગ કરવામાં આવશે. આ મિલ્કતો અંગેનો નકશો ડ્રોનથી તૈયાર કરવામાં આવશે.

મિલ્કતોની હક્ક ચોકસીની પણ કામગીરી કરવામાં આવશે. ડીજીટલ નકશો ગામલોકોને બતાવવામાં આવશે તેમજ આખરી નકશો તૈયાર કરી આ પ્રોપર્ટી કાર્ડ-નકશા સાથે તૈયાર કરીને વિતરણ કરવામાં આવશે. મિલ્કતોના નંબર પણ આપવામાં આવશે.

ગાંધીનગર તાલુકાના જે ૩૪ ગામની પસંદગી કરવામાં આવી છે તેમાં નભોઈ, રણાસણ, રાંદેસણ, રાયસણ, કોબા, રાજપુર, દોલારાણા-વાસણા, વાંકાનેરડા, દંતાલી, જલુંદ, રતનપુર, મહુન્દ્રા, જમિયતપુરા, લવારપુર, પુન્દ્રાસણ, ભોંયણ રાઠોડ, જાખોરા, લેકાવાડા, તારાપુર, ગિયોડ, શાહપુર, ગલુદણ, ધણપ, માધવગઢ, સોનારડા, નવા ધરમપુર, પ્રાંતિયા, દશેલા, પીંડારડા, ચિલોડા(ડ), પીંપલજ, મુબારકપુરા અને વાસણા હડમતિયાનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર અને જિલ્લાતંત્ર દ્વારા આ પ્રોજેક્ટના અમલને લઈ રોડમેપ તૈયાર કરી દેવાયો છે. આ કામગીરી માટેની બેઠકોનો ધમધમાટ પણ ચાલી રહ્યો છે. કોરોનાની મહામારીને લઈ થોડોક વિલંબ જરૂર થયો છે પણ આ પ્રોજેક્ટ આગામી માસથી તંત્ર દ્વારા કાર્યાન્વીત કરવાની દિશામાં તમામ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

### બદલાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલ્પેશસિંહ ચાવડાની નિમણુંક કરવામાં આવી છે.

રાજ્યના પંચાયત વિભાગમાં તાલુકા વિકાસ અધિકારીની બઢતી અંગેનો મુદ્દો છેલ્લા ઘણા સમયથી વણઉકલ્યો હતો. એક સાથે ૧૧૦ જેટલા અધિકારીઓની બદલી અને બઢતીના હુકમો કરાતાં આજે કર્મચારીઆલમમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

### નોંધાયો નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં પણ આજે એકેય કેસ કોરોનાનો નોંધાયો નથી તેમજ કોઈને ડિસ્ચાર્જ આપવામાં આવેલ નથી. શહેરમાં આજે ૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં હવે ૫૦ થી નીચે એકટીવ કેસ તરીકે દર્દીઓ સારવાર હેઠળ હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. જો કે જિલ્લામાં કોન્ટેક્ટ ટ્રેસીંગ અને સર્વેલન્સ હજુ પણ વધુ સઘન બનાવવા પર તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે.

### ખેડૂત સંસદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય ખેડૂત નેતાઓના કહેવા પ્રમાણે દિલ્હી પોલીસ અને સરકાર વારંવાર પોતાના વચનથી ફરી રહી છે અને ખેડૂતોને રસ્તામાં હેરાન કરી રહી છે.

ખેડૂતોના પ્રદર્શન વચ્ચે ખેડૂત મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે તેઓ ખેડૂતો સાથે વાતચીત કરવા તૈયાર છે, અમે પહેલા પણ વાત કરતા આવ્યા છીએ તેમ કહ્યું હતું. સાથે જ મોદી સરકારને ખેડૂતોની હિતેચ્છુ ગણાવી હતી.

### આખરી ઓપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજીને " કિસાન સન્માન દિવસ" ના કાર્યક્રમો કરાશે. રાજ્યના યુવાનોને રોજગારી પૂરી પાડવાના ઉદ્દેશ સાથે રોજગાર મેળાઓ સહિતના વિવિધ કાર્યક્રમો થકી તા.૦૬ ઓગસ્ટે " રોજગાર દિવસ" ના અંતર્ગત રોજગારીની તકો અંગેના કાર્યકમો યોજાશે. તા.૦૭મી ઓગસ્ટે " વિકાસ દિવસ" અંતર્ગત રાજ્યમાં ચાલી રહેલી અવિરત વિકાસની પ્રક્રિયાને વધુ તીવ્ર ગતિથી આગળ લઈ જવાશે. તા.૦૮મી ઓગસ્ટે "શહેરી જન સુખાકારી દિન" અંતર્ગત શહેરી જન સુખાકારીની વ્યવસ્થા વધુ સઘન બનાવાશે. તે જ રીતે તા.૦૯મી ઓગસ્ટે " વિશ્વ આદિવાસી દિવસ" નિમિત્તે રાજ્યના આદિવાસી વિસ્તારોમાં અનેક વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો કરવામાં આવશે.

### દરોડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પટણા સહિત દેશભરની ઓફિસો પર ચાલી રહ્યા છે. આ સાથે આવકવેરા વિભાગ ગ્રુપના માલિકોના ઘરે પણ રેડ કરી રહી છે. આ ગ્રુપ મીડિયા વ્યવસાયની સાથે અન્ય બિઝનેસ સાથે સંકળાયેલું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગ્રુપ દ્વારા આપવામાં આવેલા દસ્તાવેજોથી ઈન્કમટેક્સ વિભાગ સંતુષ્ટ નહોતો. આ પછી કરચોરીના કેસની તપાસ માટે આ દરોડા પાડવામાં આવ્યા છે. આવકવેરા વિભાગ દ્વારા આ અંગે કોઈ વધુ માહિતી આપવામાં આવી નથી. ઓફિસીનો બહાર પોલીસ તૈનાત કરવામાં આવી છે. કોઈને પણ અંદર પ્રવેશવાની મંજૂરી નથી. તેમજ કોઈને બહાર પણ નીકળી શકતું નથી. આવકવેરા વિભાગની ટીમ સાથે સીઆરપીએફના જવાનો પણ હાજર હોવાનું જાણવા મળ્યું છે.

### પ્રામાણિકતા દેખાડી...

● ત્રીજા પાનાનું ચાલુ

એકાઉન્ટમાં પરત કરવા વિનંતી છે, આપ ઈચ્છો તો તેમાંથી બે હજાર રૂપિયા રાખી બાકીના છ હજાર પરત કરશો". સામાન્ય રીતે કોઈ અજાણ્યા નંબરથી આવો ફોન આવે ત્યારે દરેક વ્યક્તિને અત્યારે ઓનલાઈન બેકિંગ ફ્રોડ થવાની શંકા જાય.

ભારતીબેન પોપટે પણ પહેલા યુકો બેંકમાં ફોન કરીને તપાસ કરી કે પોતાના ખાતામાં આઠ હજાર જમા થયા છે કે નહીં અને પોતાના ખાતામાં નાણાં જમા થયા હોવાનું કન્ફર્મ થયા બાદ તેમણે ફરી વાર પેલી મહિલાનો ફોન આવ્યો ત્યારે નાણાં પરત કરવાની હૈયાધારણ આપી હતી. આ સાથે તેમણે તે મહિલાના ખાતાની વિગતો માગી હતી અને તે ખાતામાં રોકડા આઠ હજાર ભરીને તેના નાંણા પરત કર્યા હતા. નાણાં પરત કરવાના બદલામાં તેમણે પેલી મહિલાને બે હજાર રૂપિયાના પુરસ્કારની ઓફર પણ ઠુકરાવી પ્રમાણિકતાનું પ્રશંસનીય ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### અણસાર આપતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યેદિયુરપ્પાએ કહ્યુ હતુ કે, અમારી સરકારના બે વર્ષ પૂરા થવા નિમિત્તે ૨૬ જુલાઈએ એક કાર્યક્રમ યોજાવાનો છે. એ પછી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા જે પણ નિર્ણય લેશે તેનુ પાલન કરીશ. ભાજપને સત્તામાં પાછુ લાવવાની મારી ફરજ છે. પાર્ટી કાર્યકરો અને સંતોને આ માટે સહયોગ કરવાનો આગ્રહ કરૂ છું.

૭૮ વર્ષીય યેદિયુરપ્પા કર્ણાટકના લિંગાયત સમુદાયમાંથી આવે છે.તેમણે કહ્યુ હતુ કે, પીએમ મોદી, ગૃહ મંત્રી અમિત શાહ અને રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાને મારા માટે વિશેષ સ્નેહ અને વિશ્વાસ છે. તમે જાણો છો કે, પાર્ટીમાં જેમનીવ ય ૭૫ વર્ષથી વધારે હોય તેમને કોઈ પદ આપવામાં આવતુ નથી પણ તેમણે મારા કામની પ્રશંસા કરીને મારી ૭૮ વર્ષની વય થઈ ગઈ હોવા છતા મને જવાબદારી આપી હતી

કર્ણાટકના સીએમે કહ્યુ હતુ કે, ૨૫ જુલાઈએ મને જે પણ નિર્દશ આપવામાં આવશે તેના આધારે હું ૨૬ જુલાઈથી મારી કામગીરી કરીશ.

આ પહેલા યેદિયુરપ્પા ગયા સપ્તાહે દિલ્હી ગયા હતા. જેના પગલે સીએમ પદથી તેમની વિદાયને લઈને અટકળો તેજ બની હતી. જોકે તેમણે તે વખતે આ પ્રકારની અટકળોને ફગાવીને કહ્યુ હતુ કે, પાર્ટીએ મને સીએમ તરીકે ચાલુ રહેવા માટે કહ્યુ છે.

જોકે બુધવાર સુધી શક્તિ પ્રદર્શન કરી રહેલા યેદિયુરપ્પાના સૂર હવે બદલાયેલા લાગી રહ્યા છે.

### ઓલિમ્પિકમાં ભાગીદારીના ૧૦૦ વર્ષની ઉજવણી કરતું ભારત

# આવતીકાલે ઓલિમ્પિક હોકીમાં ભારતનો ન્યૂઝીલેન્ડ સામે મુકાબલો

ટોક્યો, તા.૨૨


ટોક્યો ઓલિમ્પિક ગેમ્સ શરૂ થવામાં ૧ દિવસ બાકી છે. એવામાં ભારતીય એથ્લેટ્સની ટીમ ટોક્યો પહોંચી ગઈ છે. આ વખતે ભારતના ૧૨૭ ખેલાડીઓએ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યુ છે. ૨૦૧૬ રિયો ઓલિમ્પિકમાં દેશના ૧૧૭ ખેલાડીઓએ ક્વોલિફાય કર્યુ હતું. ભારત આ વર્ષે પોતાની ઓલિમ્પિક ભાગીદારીના ૧૦૦મા વર્ષની ઉજવણી કરી રહ્યું છે. ૨૩ જુલાઈથી શરૂ થનારા આ મહાકુંભમાં ભારતીય ટૂકળીનો કાર્યક્રમ આવી ગયો છે.

**● તીરંદાજીનો કાર્યક્રમ**

૨૨ જુલાઈ - સવારે ૫:૩૦ કલાકેઃ મહિલા વ્યક્તિગત યોગ્યતા રાઉન્ડ (દીપિકા કુમારી)
સવારે ૯:૩૦ કલાકેઃ પુરુષ વ્યક્તિગત યોગ્યતા રાઉન્ડ (અતનુ દાસ, પ્રવીણ જાધવ, તરુણદીપ રાય)
૨૪ જુલાઈ : સવારે ૬:૦૦ કલાકેઃ મિક્સ્ડ ટીમ એલિમિનેશન (અતનુ દાસ, દીપિકા કુમારી)
૨૬ જુલાઈ : સવારે ૬:૦૦ કલાકે : મેન્સ ટીમ એલિમિનિશેન (અતનુ દાસ, પ્રવીણ જાધવ, તરુણદીપ રાય)
૨૭ જુલાઈથી ૩૧ જુલાઈ સવારે ૬:૦૦ કલાકેઃ પુરુષ અને મહિલા વ્યક્તગિત એલિમિનેશન
બપોરે ૧:૦૦ કલાકે : મેડલ મેચ

**● એથ્લેટિક્સનો કાર્યક્રમ**

૩૦ જુલાઈ - સવારે ૫:૩૦ કલાકેઃ પુરુષોની ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝ હીટ (અવિનાશ સેબલ)
સવારે ૭:૨૫ કલાકે : પુરુષોની ૪૦૦ મીટર હર્ડલ રેસ રાઉન્ડ ૧ હીટ (એમબી ઝબિર)



સવારે ૮:૧૦ કલાકે : મહિલા ૧૦૦ મીટર રાઉન્ડ ૧ હીટ (દૂતી ચંદ)
સાંજે ૪:૩૦ કલાકે : મિશ્રિત ૪ બાય ૪૦૦ મીટર રિલે રાઉન્ડ ૧ હીટ (એલેક્સ એન્ટની, સાર્થક ભાંબરી, રેવતી, વીરમણિ, સુભા વેંકટેશન)
૩૧ જુલાઈ - સવારે ૬:૦૦ કલાકે : મહિલા ડિસ્કસ થ્રો (સીમા પુનિયા, કમલપ્રીત કૌર)
બપોરે ૩:૪૦ કલાકે : પુરુષોની લાંબી કૂદ (એમ શ્રીશંકર)
બપોરે ૩:૪૫ કલાકે : મહિલાઓની ૪૦૦ મીટર સેમીફાઈનલ (દૂતી ચંદ - જો ક્વોલિફાય કરે તો)
સાંજે ૬:૦૫ કલાકે : ૪ બાય ૪૦૦ મીટર રિલે ફાઈનલ (એલેક્સ એન્ટની, સાર્થક ભાંબરી, રેવતી, વીરમણિ, સુભા વેંકટેશન- જો ક્વોલિફાય થાય તો)
૧ ઓગસ્ટ - સાંજે ૫:૦૦ કલાકે : પુરુષોની ૪૦૦ મીટર હર્ડલ દોડ સેમીફાઈનલ ( એમપી ઝબિર- જો ક્વોલિફાય થાય તો)
૨ ઓગસ્ટ - સવારે ૬:૫૦ કલાકે : પુરુષોની લોંગ જમ્પ ફાઈનલ - (એમ શ્રીશંકર - જો ક્વોલિફાય કરે તો)
સવારે ૭:૦૦ કલાકે : મહિલા ૨૦૦ મીટર રાઉન્ડ ૧ હીટ (દૂતી ચંદ)
બપોરે ૩:૫૫ કલાકે : મહિલાઓની ૨૦૦ મીટર સેમીફાઈનલ (દૂતી ચંદ - જો ક્વોલિફાય કરે તો)
સાંજે ૪:૩૦ કલાકે : મહિલા ડિસ્કસ થ્રો ફાઈનલ (સીમા પુનિયા, કમલપ્રીત કૌર - જો ક્વોલિફાય કરે તો)
સાંજે ૫:૪૫ કલાકે : પુરુષોની ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝ ફાઈનલ (અવિનાશ સેબલ- જો ક્વોલિફાય કરે તો)
૩ ઓગસ્ટ - સવારે ૫:૫૦ કલાકે : મહિલા ભાલા ફેંક (અન્નૂ રાની)
સવારે ૮:૫૦ કલાકે : પુરુષ ૪૦૦ મીટર હર્ડલ રેસની ફાઈનલ (એમપી ઝબિર - જો ક્વોલિફાય કરે તો)
બપોરે ૩:૪૫ કલાકે : પુરુષો શોટ પુટ (તજિંદર સંહ તૂર)
સાંજે ૬:૨૦ કલાકે : મહિલા ૨૦૦ મીટર ફાઈનલ (દૂતી ચંદ - જો ક્વોલિફાય કરે તો)
૪ ઓગસ્ટ - સવારે ૫:૩૫ કલાકે : પુરુષ ભાલા ફેંક (નીરજ ચોપરા, શિવપાલ સિંહ)
૫ ઓગસ્ટ - સવારે ૭:૩૫ કલાકે : મેન્સ શોટ પુટ ફાઈનલ (તજિંદર સિંહ તૂર - જો ક્વોલિફાય કરે તો)
બપોરે ૧: કલાકે : પુરુષ ૨૦ કિમી રેસ વોક ફાઈનલ (કેટી ઈરફાન, સંદીપ કુમાર, રાહુલ રોહિલા)
૬ ઓગસ્ટ - સવારે ૨:૦૦ કલાકે : પુરુષ ૫૦ કિમી રેસ વોક ફાઈનલ (ગુરપ્રીત સિંહ)
બપોરે ૧:૦૦ કલાકે : મહિલા ૨૦ કિમી રેસ વોક ફાઈનલ (ભાવના જાટ, પ્રિયંકા ગોસ્વામી)
સાંજે ૪:૫૫ કલાકે : પુરુષ ૪ બાય ૪૦૦ મીટર રિલે રાઉન્ડ ૧ હીટ (અમોઝ જેકબ, અરોકિયા રાજીવ, નૂહ નિર્મલ ટોમ, મોહમ્મદ અનસ યાહિયા)
સવારે ૫:૨૦ કલાકે : મહિલા ભાલા ફેક ફાઈનલ (અન્નૂ રાની - જો ક્વોલિફાય કરે તો)
૭ ઓગસ્ટ - સાંજે ૪:૩૦ કલાકે : પુરુષ ભાલા ફેંક ફાઈનલ (નીરજ ચોપરા, શિવપાલ સિંહ - જો ક્વોલિફાય કરે તો)
સાંજે ૬:૨૦ કલાકે : પુરુષ ૪ બાય ૪૦૦ મીટર રિલે ફાઈનલ (અમોઝ જેકબ, અરોકિયા રાજીવ, નૂહ નિર્મલ ટોમ, મોહમ્મદ અનસ યાહિયા - જો ક્વોલિફાય કરે તો)

**● બેડમિન્ટનનો કાર્યક્રમ**

૨૪ જુલાઈ
સવારે ૮:૫૦ કલાકે : મેન્સ ડબલ્સ ગ્રૂપ સ્ટેજ - ગ્રૂપ એ (સાત્વિક સાઈરાજ રેક્કી રેડ્ડી, ચિરાગ શેટ્ટી )
સવારે ૯:૩૦ કલાકે : પુરુષ સિંગલ્સ ગ્રૂપ સ્ટેજ - ગ્રૂપ ડી (સાઈ પ્રણીત)

**૨૫ જુલાઈ**
સવારે ૭:૧૦ કલાકે : મહિલા સિંગલ્સ ગ્રૂપ સ્ટેજ - ગ્રૂપ જે (પીવી સિંધુ)

**૨૬ જુલાઈથી ૨૯ જુલાઈ**
સવારે ૫:૩૦ કલાકે : ગ્રૂપ સ્ટેજ મેચ (પીવી સિંધુ, સાઈ પ્રણીત, સાત્વિક સાઈરાજ રેક્કી રેડ્ડી, ચિરાગ શેટ્ટી)

**૨૯ જુલાઈ**
સવારે ૫:૩૦ કલાકે : પુરુષ ડબલ્સ ક્વાર્ટર ( સાત્વિક સાઈરાજ રેક્કી રેડ્ડી, ચિરાગ શેટ્ટી - જો ક્વોલિફાય થાય તો)

**૩૦ જુલાઈ**
સવારે ૫:૩૦ કલાકેઃ મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઈનલ (પીવી સિંધુ- જો ક્વોલિફાય થાય તો)
બપોરે ૧૨:૦૦ કલાકે : પુરુષ ડબલ્સ સેમીફાઈનલ (સાત્વિક સાઈરાજ રેક્કી રેડ્ડી, ચિરાગ શેટ્ટી - જો ક્વોલિફાય થાય તો)

**૩૧ જુલાઈ**
સવારે ૫:૩૦ કલાકે : પુરુષ સિંગલ્સ ક્વાર્ટર ફાઈનલ (સાઈ પ્રણીત - જો ક્વોલિફાય કરે તો)
બપોરે ૨:૩૦ કલાકે : મહિલા સિંગલ્સ સેમીફાઈનલ (પીવી સિંધુ- જો ક્વોલિફાય થાય તો)
બપોરે ૨: ૩૦ કલાકે : મેન્સ ડબલ્સ ફાઈનલ (સાત્વિક સાઈરાજ રેક્કી રેડ્ડી, ચિરાગ શેટ્ટી - જો ક્વોલિફાય થાય તો)

**૧ ઓગસ્ટ**
સવારે ૯: ૩૦ કલાકે : પુરુષ સિંગલ્સ સેમીફાઈનલ (સાઈ પ્રણીત - જો ક્વોલિફાય કરે તો)
સાંજે ૫: ૦૦ કલાકે : મહિલા સિંગલ્સ ફાઈનલ (પીવી સિંધુ - જો ક્વોલિફાય કરે તો)

**૨ ઓગસ્ટ**
૪: ૩૦ કલાકે : પુરુષ સિંગલ્સ સેમીફાઈનલ ( સાઈ પ્રણીત - જો ક્વોલિફાય કરે તો)

**● બોક્સિંગનો કાર્યક્રમ**

**૨૪ જુલાઈ**
સવારે ૮ કલાકેઃ વિમેન્સ વેલ્ટરવેટ રાઉન્ડ ઓફ ૩૨ (લવલીના બોગોર્હેન)
૯.૫૪ કલાકેઃ મેન્ટ વેલ્ટરવેટ રાઉન્ડ ઓફ ૩૨ (વિકાસ કૃષ્ણ)

**૨૫ જુલાઈ**
સવારે ૭.૩૦ કલાકેઃ મહિલા ફ્લાઈવેટ રાઉન્ડ ઓફ ૩૨ (મેરી કોમ)
સવારે ૮:૪૮ કલાકેઃ પુરૂષોનો લાઈટવેટ રાઉન્ડ ઓફ ૩૨ (મનીષ કૌશિક)
૨૬ જુલાઈઃ સવારે ૭.૩૦ કલાકેઃ પુરૂષોનો ફ્લાઈવેટ રાઉન્ડ ઓફ ૩૨ (અમિત પંઘાલ)
૯.૦૬ કલાકે સવારેઃ મેન્સ મિડિલવેટ રાઉન્ડ ઓફ ૩૨ (આશીષ કુમાર)

**૨૮ જુલાઈ**
૮:૦૦ ક્લ્લ્કઃ મહિલાઓની મિડલ વેઈટ રાઉન્ડ ૧૬ (પૂજા રાની)

**હોકીનો કાર્યક્રમ**

૨૪ જુલાઈ - સવારે ૬.૩૦ કલાકેઃ પુરૂષ ગ્રુપ-એઃ ભારત વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ
૫.૧૫ કલાકે સાંજેઃ મહિલા ગ્રુપ-એઃ ભારત વિરુદ્ધ નેધરલેન્ડ
૨૫ જુલાઈ - સાંજે ૩ કલાકેઃ પુરૂષ ગ્રુપ-એ, ભારત વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા
૨૬ જુલાઈ - સાંજે ૫.૪૫ કલાકેઃ મિલા ગ્રુપ-એ, ભારત વિરુદ્ધ જર્મની
૨૭ જુલાઈ - સવારે ૬.૩૦ કલાકેઃ પુરૂષ ગ્રુપ-એ, ભારત વિરુદ્ધ સ્પેન
૨૮ જુલાઈ - સવારે ૬.૩૦ કલાકેઃ મહિલા ગ્રુપ-એ, ભારત વિરુદ્ધ બ્રિટન
૨૯ જુલાઈ - ૬ કલાકે સવારેઃ પુરૂષ- ગ્રુપ-એ, ભારત વિરુદ્ધ આર્જેન્ટીના
૩૦ જુલાઈ - ૮.૧૫ કલાકે સવારેઃ મહિલા ગ્રુપ-એ, ભારત વિરુદ્ધ આયર્લેન્ડ
સાંજે ૩ કલાકેઃ પુરૂષ ગ્રુપ-એ, ભારત વિરુદ્ધ જાપાન
૩૧ જુલાઈ : સવારે ૮.૪૫ કલાકેઃ મહિલા ગ્રુપ-એ, ભારત વિરુદ્ધ આફ્રિકા
૧ ઓગસ્ટ - સવાકરે ૬ કલાકેઃ પુરૂષ ક્વાર્ટર ફાઈનલ- જો ટીમ ક્વોલિફાઈ કરે તો)
૨ ઓગસ્ટ - સવારે ૬ કલાકેઃ મહિલા ક્વાર્ટર ફાઈનલ- જો ક્વોલિફાઈ થાય તો
૩ ઓગસ્ટ - સવારે ૭ કલાકેઃ પુરૂષોની સેમિફાઈનલ
૪ ઓગસ્ટ - સવારે ૭ કલાકેઃ મહિલાની સેમિફાઈનલ
૫ ઓગસ્ટ - સવારે ૭ કલાકેઃ પુરૂષોનો બ્રોન્ઝ મેડલ મેચ - ૩.૩૦ કલાકેઃ પુરૂષોની ગોલ્ડ મેડલ મેચ
૬ ઓગસ્ટ - સવારે ૭ કલાકેઃ મહિલાઓની બ્રોન્ઝ મેડલ મેચ
બપોરે ૩.૩૦ કલાકેઃ મહિલાઓની ગોલ્ડ મેડલ મેચ